આંક-

રજુ તારીખ :**08=06=2010**

દાખલ તારીખ : **08=06=2010**

ફેસલ તારીખ: **03=10=2022**

સમયગાળો :વર્ષ: **12** માસ: **03** દિવસ:**25**

મહેરબાન મજુર અદાલત, સુરત ના પ્રિસાઇડિંગ ઓફિસર શ્રી જી.જે.થોરીયા સમક્ષ

રેફરન્સ(**LCS**) નંબર: **358/2010**

<u>પ્રથમ પક્ષકાર</u>: 1) એશિયન સ્ટાર કંપની લિમિટેડ
ધોબાણી નાકા, પેટ્રોલ પંપની સામે, મુ.પો.માંડવી,
સુરત.
હાલનું સરનામું: F.P.138,151, plot no.1
સંદેશ પ્રેસ પાસે, પરષોત્તમ જિનિંગ મિલ કમ્પાઉન્ડ,
એ.કે.રોડ, સુરત

2) શાહ એન્ટરપ્રાઇઝ
ધોબાણી નાકા, પેટ્રોલ પંપની સામે, મુ.પો.માંડવી,
સુરત.
હાલનું સરનામું: F.P.138,151, plot no.1
સંદેશ પ્રેસ પાસે, પરષોત્તમ જિનિંગ મિલ કમ્પાઉન્ડ,
એ.કે.રોડ, સુરત

વિરુદ્ધ

<u>બીજા પક્ષકાર</u>: કાશીરામ જમસીભાઈ ચૌધરી
મુ. ઘંટોલી, તા. માંડવી, જીલ્લો સુરત

<u>હાજર રહ્યા</u>: પ્રથમ પક્ષકાર તરફે વિદ્વાન વકીલ શ્રી એન. બી. શાહ
બીજા પક્ષકાર તરફે પ્રતિનિધિ શ્રી દીપકભાઈ પીપરોડીયા

## <u>-:: એ વો ર્ડ ::-</u>

1. હાલના રેફરન્સ ના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર અને અનુક્રમે "સામાવાળા" અને "અરજદાર" તરીકે સંબોધવામાં આવેલા છે.

2. આ કામના કામદારને સામાવાળાએ નોકરીમાંથી છૂટા કરી દેતા તેઓએ મદદનીશ શ્રમ આયુક્ત ની કચેરી, સુરત સમક્ષ તે અંગેનો ઔદ્યોગિક વિવાદ ઉત્પન્ન કરેલ. પરંતુ ત્યાં આગળ સદરહુ વિવાદનું સમાધાન નહીં થતાં ઔદ્યોગિક વિવાદ ધારો-1947 ની કલમ -10(1) મુજબ મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, સુરતે તેઓના પત્ર ક્રમાંક નંબર **7941/2010** તારીખ:**26-4-2010** દ્વારા અત્રેની કોર્ટ અને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા સારુ સુપ્રત કરેલ છે. જેની અનુસૂચિ નીચે મુજબ છે.

"શ્રી કાશીરામ જમસીભાઈ ચૌધરી ને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ**?**"

3. આ કામમાં અરજદાર તરફથી આંક-3 થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે પ્રથમ પક્ષકાર બંને સંસ્થાઓ બજારમાંથી હીરાનું કાચો માલ લાવી જુદા જુદા ઘાટ કરી ફિનિશિંગ વગેરે કરી તેનું વેચાણ કરવાનું ધંધો કરે છે. અરજદાર સામાવાળા નંબર-1 ની માંડવી ખાતેની સંસ્થામાં છેલ્લા 8 વર્ષથી હીરા ખાતામાં હીરા ઘસવાની કામગીરી કાયમી ધોરણે અને સળંગ રીતે કરતા આવેલા છે. તેઓ નો છેલ્લો માસિક પગાર રૂ.4000/- નો હતો.અરજદારનું વધુમાં કથન છે કે તેઓ તેમની નોકરી પ્રમાણિકતાથી, ખંતથી કરતા આવેલા અને પ્રત્યેક વર્ષમાં 240 દિવસની નોકરી કરેલી, નોકરી દરમિયાન તેઓને ક્યારેય નોટિસ આપવામાં આવેલ નથી કે ચાર્જશીટ આપવામાં આવેલ નથી કે ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. વધુમાં જણાવે છે કે સામાવાળા નંબર-1 તથા તેની પેટા સંસ્થામાં નોકરી કરેલ છે તેઓને નિમણૂક પત્ર, હાજરી કાર્ડ, રજા ચિઠ્ઠી, હક રજા કાર્ડ, ટ્રાન્સફર પત્ર, કે ટર્મિનેશન પત્ર આપતા નહીં અને બીજી પેટા સંસ્થાઓ માં ગેરકાયદેસર રીતે તેઓનું નામ ટ્રાન્સફર કરવામાં આવતું, આવી બીજી સંસ્થાઓમાં ક્યાં સુધી કામ કરવાનું છે એવું પણ લખાણ આપવામાં આવતું નહીં. આમ સામાવાળા નંબર 1 ની નવા નામવાળી સંસ્થામાં તેમની ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરવામાં આવતી અને તે વખતે તેઓની સંમતિ લેવામાં આવતી નહીં.

વધુમાં કથન છે કે અરજદાર આદિવાસી, ગરીબ, ઓછું ભણેલા હોવાથી તેમની સ્થિતિનો ગેરલાભ ઉઠાવી સામાવાળા કોરા કાગળો તથા રેવન્યુ સ્ટેમ્પ વાળ કોરા કાગળ, લખાણો અને ચોપડીઓમાં ગેરકાયદેસર રીતે સહી ઓ કરાવી

લેતા. અરજદારના કોઈપણ જાતના વાંક ગુના વિના સમાવાળી સંસ્થાઓ ના માલિક વિજયભાઈ તથા નીતિનભાઈ તથા મેનેજર નલીનભાઈ એ તારીખ-**5-09-2004**ના રોજ પહેલી પાળીમાં સવારે 8:30 કલાકે મૌખિક હુકમથી, નોટિસ કે નોટિસ પગાર કે છટણી વળતર તથા ચાલુ માસનો બાકી પગાર ચૂકવ્યા વિના તાત્કાલિક અસરથી નોકરીમાંથી ગેરકાયદેસર કાઢી મૂકી અને ત્યારબાદ નોકરીએ રાખેલ નહીં.

વધુમાં અરજદારનું કથન છે કે તેઓએ મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ ગુજરાત શ્રમિક સંગઠન નામનાયુનિયન હસ્તક કાર્યવાહી કરાવેલી. જેનો રેફરન્સ કેસ નંબર **80/ 08** પડેલો જે સુરતની લેબર કોર્ટમાં પેન્ડિંગ છે. પરંતુ સામાવાળી સંસ્થાઓના નામો લખવા ન લખવા માં ભૂલ કરેલી. સદરહુ યુનિયને માંગણા નું નિવેદન રજુ કરેલ નહિં અને તેમને કોઇ સમજ પણઆપેલી નહીં. જેથી આ યુનિયન ઉપર વિશ્વાસ નહિ રહેતા તે યુનિયન છોડી સુરત લેબર યુનિયન માં જોડાયેલા અને તેઓ દ્વારા તપાસ કરાવતાં ગુજરાત શ્રમિક સંગઠને ભૂલ કરેલા નું ધ્યાન ઉપર આવેલું. સદર કેસ નામદાર કોર્ટ ને જે યોગ્ય લાગે તે વિધિ દ્વારા બંધ કરવાના પ્રયત્નો ચાલુ છે અને હાલ સદર રેફરન્સ પેન્ડીંગ રહેલ છે.આમ ઉપરોક્ત કારણોસર અદાલતમાં આવવામાં વિલંબ થયેલ છે.

અરજદારે કે એવી દાદ માંગેલ છે કે તારીખ **5-09-2004**ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલું કૃત્ય ગેરકાયદેસર જાહેર કરી સળંગ નોકરી સાથે પડેલા દિવસોના પગાર તથા આનુષંગીક લાગો સાથે પુનઃ સ્થાપિત સામાવાળાઓ કરે.

4. સમાવાળા નંબર-1 સંસ્થાએ આંક-10 થી તથા સમાવાળા નંબર-2 સંસ્થાએ આંક-13 નાઓએ પોતાનો જવાબ રજૂ કર્યો છે જેમાં તેઓએ અરજદારના માંગણા ના નિવેદનની હકીકતોનો મહદઅંશે ઇન્કાર કરેલો છે. તેઓ જણાવે છે કે માંડવી ખાતે નું સામા વાળા નંબર એકનું સરનામું ખોટું છે કબૂલ નથી,અત્રેની અદાલત ને આ રેફરન્સ ચલાવવા ની સત્તા, હકુમત નથી. વધુમાં જણાવે છે કે અગાઉ રેફરન્સ નંબર-80/08 નો કરેલો હોય હાલ નો રેફરન્સ ચાલી શકતો નથી, મિસ જોન્ડર ઓફ પાર્ટીઝ નો બાદ નડે છે. સદરહુ રેફરન્સ દાખલ કરવામાં ખૂબ જ વિલંબ અને ઢીલ કરેલો હોય, ડીલે- લેચીઝ ના સિદ્ધાંતોના આધારે ટકી શકતો નથી. સમાધાન અધિકારીએ ખોટી રીતે રેફરન્સ કરેલો હોય રેફરન્સ બેડ ઇન લો છે.અરજદાર અને સામા વાળા વચ્ચે નોકર માલિક ના સંબંધો હતા નહિ અને ”વિવાદ” ની વ્યાખ્યામાં આવતો ન હોય રેફરન્સ ટકી શકતો નથી. આ રેફરન્સ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી.

રેફરન્સ કેસ નંબર-**80/08** હાલમાં પણ પેન્ડિંગ છે.આમ જ્યારે એક જ વિવાદ બાબતે એક રેફરન્સ પેન્ડિંગ હોય ત્યારે બીજો રેફરન્સ તે જ વિવાદ બાબતે ટકી શકતો નથી જેથી હાલનો રેફરન્સ રદ કરવો જોઈએ.

જ્યારે અરજદાર અને સામાવાળા વચ્ચે નોકર માલિક ના સંબંધો જ ન હોય ત્યારે અરજદારને ગેરકાયદેસરરીતે છુટા કરેલાનું અરજદારનું કથન ખરું નથી અને તેથી અરજદાર માગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકદાર નથી. જેથી રેફરન્સ રદ કરવા અરજ ગુજારેલ છે.

5. આ કામે અરજદાર તરફથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

<u>દસ્તાવેજી પુરાવાઓ</u>

નિશાની-8/1 : સમાવાળાઓને મોકલેલ માંગણા ના નિવેદન ની નકલ
નિશાની8/2 : સામા વાળા નંબર.1 નેમોકલેલ કવરિંગ લેટર
નિશાની8/3 : પોસ્ટલ પાવતી ની ઝેરોક્ષ
નિશાની8/4 : પોસ્ટલ એકનોલેજમેન્ટની ઝેરોક્ષ
નિશાની8/5 : સામા વાળા નંબર ૨ ને મોકલેલ કવરિંગ લેટર
નિશાની8/6 : પોસ્ટલ પાવતી ની ઝેરોક્ષ
નિશાની8/7 : પોસ્ટમાસ્તર ને લખેલ પત્ર ની ઝેરોક્ષ
નિશાની8/8 : પોસ્ટ વિભાગ તરફથી આપેલ પ્રમાણપત્ર ની ઝેરોક્ષ

6. અરજદાર તરફે મૌખિક પુરાવા માટે ઘણી તકો આપવા છતાં અરજદાર ઘણા વર્ષોથી હાજર રહેલા નથી તેવું રેકોર્ડ પરથી જણાતું હતું. જેથી તા.12-7-2022 ના રોજ રોજકામમાં અરજદારનો પુરાવા રજૂ કરવાનો હક બંધ કરવામાં આવેલો.

7. સામાવાળા તરફથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે

<u>દસ્તાવેજી પુરાવાઓ</u>

નિશાની-17/1 : અરજદારના વિવાદ અંગે મદદનીશ શ્રમ આયુક્તે વિવાદ સુપ્રત કર્યાનો
ફોરવર્ડીંગ પત્રની ખરી નકલ

નિશાની-17/2 : અરજદારના વિવાદ અંગે મદદનીશ શ્રમ આયુક્તે કરેલ હુકમની ખરી નકલ

નિશાની-17/3 : અરજદારે મદદનીશ શ્રમ આયુક્ત ને વિવાદ અંગે કરેલ ફરિયાદની ખરી

નકલ

નિશાની-17/4 : અરજદારે મદદનીશ શ્રમ આયુક્ત માં મુકેલ અધિકાર પત્ર ની ખરી નકલ

નિશાની-17/5 : અરજદારે રેફરન્સ કેસ નંબર-80/08 ના કામે મુકેલ નિમણૂક પત્ર ન ખરી

નકલ

નિશાની-17/6 : અરજદારે રેફરન્સ કેસ નંબર-80/08 ના કામે સદર રેફરન્સ બંધ કરવા

આપેલ અરજીની ખરી નકલ.

8. અરજદાર તરફે પુરાવો બંધ થયેલો હોવાથી, સામાવાળા એ પણ આવા સંજોગોમાં પુરાવો રજૂ કરવો નથી તેવી પુરસીસ આપેલ છે.

9. આ કામે અરજદાર તરફે કોઈ દલીલ રજુ થયેલ નથી તથા સામાવાળા તરફે મૌખિક દલીલો સાંભળી. પક્ષકારો તરફે કોઈ ઓથોરિટી રજૂ થયેલ નથી.

10. ઉપરોક્ત ઔદ્યોગિક વિવાદના ન્યાયિક નિર્ણય માટે મારી સમક્ષ પટેલ પુરાવા અને પક્ષનિવેદન વંચાણે લેતા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-::મુ દ્દા ઓ::-**

1) શું આ કામના અરજદાર ને સામાવાળાઓએ ગેરકાયદેસર રીતે નોકરીમાંથી છુટા

કરેલ છે?

2) શું આ કામના અરજદાર પટેલ દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત

થવાની દાદ કે અન્ય બીજી કોઇ દાદ મેળવવા મતદાન થાય છે?

3) શું હુકમ?

**-:: નિ ષ્ક ર્ષ ::-**

1) નકારમાં

2) નકારમાં

3) આખરી હુકમ મુજબ

-::<u>પ રા મ ર્શ ::-</u>

<u>મુદ્દા નંબર**(1)** અને**(2)**:-</u>

11. પ્રસ્તુત કેસની હકીકત, સંજોગો, પુરાવો, તેમજ પક્ષનિવેદન ધ્યાને લેતા આ કેસના ન્યા એક નિર્ણય માટે સૌપ્રથમ પ્રશ્ન નંબર 2 ની ચર્ચા કરવી તે ન્યાયોચિત જણાય છે એટલે કે અરજદાર પ્રસ્તુત કેસમાં કોઈપણ પ્રકારની દાદ મેળવવા હક્કદાર છે કે કેમ?

11.1. હાલના કેસમાં અરજદાર તરફથી મૌખિક પુરાવો રજુ થતો નથી. પરંતુ <u>નામદાર ગુજરાત હાઈકોર્ટ ના મોહિત દાસ વિરુદ્ધ એમ.જી મેમણઅથવા બીજા પ્રિસાઇડિંગ ઓફિસર**: 2004** જી એલ આર (૨) પાના નંબર**-1475**</u> ચુકાદા પેરેગ્રાફ નંબર-14, 15 માં ઠરાવેલ છે કે રેફરન્સના કેસોમાં જો પુરાવા રજુ થતા ન હોય તો પણ સિવિલ અદાલતો ની જેમ સીધેસીધું dismiss for default કરી શકાતું નથી. પરંતુ, રેફરન્સ ના કામે પક્ષકારો તરફથી જે કંઈ પુરાવા કે પક્ષનિવેદન રજૂ થયેલા હોય તથા મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષનું રેકોર્ડ પણ ધ્યાને લઇ એવોર્ડ પસાર કરવાનો થાય છે., આમ, મટીરીયલ ઓન રેકોર્ડ મજુર અદાલતે ધ્યાને લઇ નિર્ણય કરવાનો થાય છે. હાલના કેસમાં માત્ર મૌખિક પુરાવા રજૂ થયેલા નથી પરંતુ દસ્તાવેજી પુરાવા રેકોર્ડ ઉપર છે તથા મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ નું રેકોર્ડ પણ છે જેના આધારે અદાલતે ન્યાય નિર્ણય કરવાનો થાય છે.

11.2. <u>નામદાર સુપ્રીમ કોર્ટ નાઆસિસ્ટન્ટ એન્જિનિયર, રાજસ્થાન સ્ટેટ એગ્રીકલ્ચર માર્કેટિંગ બોર્ડ વિરુદ્ધ મોહનલાલ**, 2013(14)** એસ સી સી, પાના નંબર **543**</u>મા ઠરાવ્યા પ્રમાણે સામાવાળાએ વિલંબ અંગેનો બચાવ લીધેલો ના હોય તોપણ કોર્ટે આ મુદ્દાને ધ્યાન માં લેવાનો. હોય છે. જ્યારે હાલના કેસમાં તો સામાવાળા ઓએ તેઓના જવાબમાં વિલંબ, લેચીઝ એકવેઝિયન્સ નો મુદ્દો ઉઠાવ્યો છે. જેથી હાલના કેસનું તે પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરવાનું કહે છે

11.3. અરજદારે હાલ નો રેફરન્સ તેઓને છૂટા કર્યા તારીખ થી ૫ (5) વર્ષ બાદ વિલંબ થી કરેલ છે. આ બાબતે પ્રસ્થાપિત સિદ્ધાંત શું છે તે ધ્યાને લેવું ઘટે.

11.4. આ તબક્કે <u>નામદાર સુપ્રીમ કોર્ટના યુપી ઇલેક્ટ્રિસીટી બોર્ડ વિરુદ્ધ રાજેશ કુમાર, **2005** એસ સી સી( એલ એન્ડ એસ) આ નંબર ૧૮૩</u> ની હેડ નોટ-બી જોવામાં આવે તો રેફરન્સ કરવા માટેની મુદત નિર્દિષ્ટ કરવામાં આવેલ નથી. પરંતુ જે કેસની હકીકતો, સંજોગો જેને લઇ ક્લેઈમ એટલે કે માંગણી ' સ્ટેલ' એટલે કે વાસી છે કે કેમ કે તે તેને લઈને યોગ્ય દાદા આપવાની થાય.વધુ <u>નામદાર ગુજરાત હાઈકોર્ટ ના પ્રવીણ ભાઈ નાનજીભાઈ ભરવાડ વિરુદ્ધ ગુજરાત રાજ્ય એલ .પી એ ૩૦૭/ **2016**</u> ના કેસમાં કામદારની 1999 છુટ્ટો કરવામાં આવેલ અને તે અંગેનો વિવાદ વર્ષ 2008 માં ઉપસ્થિત કરવામાં આવેલ.તે આ કેસમાં <u>નામદાર સુપ્રીમ કોર્ટના પ્રભાકર વિરુદ્ધ જોઇન્ટ ડાયરેક્ટર, સેરીકલ્ચર ડિપાર્ટમેન્ટ**(JT) 2015(9)** સુ.કો. પાના નંબર **83**</u> ના ચુકાદા ઉપર આધાર રાખેલ હતો. જે ચુકાદા માં એવું ઠરાવ્યું હતુ કે કામદારને દાન આપતી વખતે જો વિલંબ અંગે નો ખુલાસો કરેલ ન હોય અને બિન-જરૂરી દિલ કરવામાં આવેલી હોય તેને ધ્યાને લેવાની થાય છે. ઉપરોક્ત નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ના કેસમાં નામદાર હાઈકોર્ટે જે વિલંબ અને બિનજરૂરી ઢીલ હતી તે અસામાન્ય હોવાનું જણાવેલ અને તેવા કેસમાં વળતરનો હુકમ કરવો પણ યોગ્ય નથી તેવું જણાવેલ છે. વધુમાં <u>નામદાર ગુજરાત હાઇકોર્ટ ના સંજીવની હોસ્પિટલ સુરત લેબર યુનિયન, **2016(1)** સી.એલ.આર પાના નંબર ૧૦૬૫ માં ઉપરોક્ત પ્રભાકર વિરુદ્ધ જોઈન્ટ ડાયરેક્ટર</u> ના ચુકાદા ઉપર આધાર રાખી જણાવેલ છે કે ઔદ્યોગિક વિવાદ અંગેના રેફરન્સ કેસમાં લિમિટેશન એક્ટ ૧૯૬૩ની જોગવાઈઓ લાગુ પડતી નથી. પરંતુ ટ્રીબ્યુનલ અને લેબર કોર્ટે આ રીતે વિલંબથી ઉત્પન્ન કરવામાં આવેલ વિવાદનું ન્યાયિક નિર્ણય કરતી વખતે એ જોવાનું રહે કે આ ઔદ્યોગિક વિવાદ જીવંત એટલે કે લાઈવ છે કે કેમ? ઉપરોક્ત કેસ ના કામદારે નિવૃત્તિ ના લાભ લીધા બાદ છ વર્ષ પછી વિલંબથી વિવાદ ઉત્પન્ન કરેલ. જેથી વિવાદ જીવંત ગણવામાં આવેલ નહીં.

11.5. હાલના કેસની હકીકતો ની ચર્ચા કરવામાં આવે તો, મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષ ની ફરિયાદમાં તથા માંગણા ના નિવેદન માં છુટા કર્યાની તારીખ:**5-09-2004**ની દર્શાવેલી છે. જ્યારે વિવાદ ઉપસ્થિત કરતી

ફરિયાદ મદદનીશ શ્રમ આયુક્ત માં 29-9-2009 ના રોજ આપવામાં આવેલી છે જેથી સ્વીકૃત રીતે જ હાલ નો રેફરન્સ છૂટા કર્યા બાદ આશરે છ વર્ષે ઉપસ્થિત કરવામાં આવેલો છે. અરજદાર તરફથી તેમના માંગણાના નિવેદનમાં તેમજ મદદનીશ શ્રમ આયુક્ત સમક્ષની ફરિયાદમાં એવો ખુલાસો કર્યો છે કે અગાઉ એશિયન સ્ટાર ડાયમંડ સામે કરેલો જે ભૂલ ભરેલો હતો. રેફરન્સ સને- 2008 ની સાલમાં કરવામાં આવેલો છે. અન્ય સંસ્થા સામે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરી રેફરન્સ કરેલો હોય તો એવું કહી શકાય નહીં કે કામદારે હાલના સામાવાળાઓ સામે આટલા વર્ષ સુધી વિવાદ જીવંત રાખેલો. અરજદારનું એવું લેશમાત્ર કથન નથી કે હાલના સામાવાળાઓ સામે તેઓએ વિવાદ જીવંત રાખેલો તથા તેવા કોઇ પૂરાવા પણ રેકોર્ડ ઉપર નથી. ડીલે, લેચીઝ અને એકવેઝિયન્સ ના સિદ્ધાંત અરજદારે કહેવાથી છટણીનો સ્વીકાર કરેલો ગણાય. આ મુદ્દા ઉપર રેફરન્સ ટકી શકતો નથી.

12. આમ, ઉપરોક્ત હકીકત અને સ્થાપિત થયેલ સિદ્ધાંત અનુસાર અરજદાર જ્યારે બાદ મેળવવા હકદાર ન હોય ત્યારે મુદ્દા નંબર-2 ‘નકારમાં’ કરાવવામાં આવતું હોય જેથી મુદ્દા નંબર-1 ટકવા પાત્ર નથી.આ મુદ્દા નંબર ૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-:: હુ ક મ ::-

અરજદારનો હાલ નો રેફરન્સ કેસ આથી નામંજૂર યાને રદ કરવામાં આવે છે ખર્ચ અંગે હુકમ નથી.

તારીખ: 03-10-2022
સુરત

( ધનશ્યામ જયંતભાઈ થોરીયા)
પ્રિસાઇડિંગ ઓફિસર,
મજુર અદાલત GJ00842